જુગાર ધારાના કડક અમલમાં નિષ્ફળ રહેલ સ્થાનિક પોલીસ અધિકારીઓ / સુપરવાઈઝરી અધિકારીઓ સામે પગલાં લેવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જપધ/૧૦૨૦૦૩/રાકમ-૪૮/મ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 5 SEP 2003

**સંદર્ભ :**
ગૃહ વિભાગનો તા. ૨૬-૧૦-૯૯નો ઠરાવ ક્રમાંકઃ જપધ/૧૦૯૯/૨૮૪૬/મ

**આમુખ :**
રાજ્ય સરકાર જુગાર પ્રતિબંધક નીતિને વરેલી છે. જુગાર એક સામાજીક બદી છે. ગરીબ ઘરના યુવાનો ગરીબી ભાંગવાના લોભથી જુગારની બદીના રવાડે ચડતા હોય છે અને વધુ ગરીબ બનતા હોય છે. એટલે રાજ્યમાં જુગારની પ્રવૃતિ / અડ્ડાઓ બંધ કરાવવા અતિ જરૂરી છે. મુંબઈ જુગાર પ્રતિબંધ ધારાનો કડકપણે અમલ થાય તે માટે પોલીસ ખાતાને સરકારશ્રી તરફથી અવારનવાર સૂચનાઓ આપવામાં આવી છે. સરકાર આ બદીના નિવારણ માટે કૃતનિશ્ચયી છે અને તે માટે વધુ અસરકારક પગલાં લેવાય તેમ ઈચ્છે છે. આ બદી નાબૂદ કરવામાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત જે સ્થાનિક પોલીસ કર્મચારીઓ / અધિકારીઓ ઉદાસીનતા, નિષ્ક્રિયતા કે બિન કાર્યક્ષમતા દાખવે, તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવા તથા ખાનગી અહેવાલમાં વિરૂધ્ધ નોંધ લેવા અંગેની સૂચનાઓ ઉપર સંદર્ભમાં દર્શાવેલ ઠરાવથી આપવામાં આવેલી છે. તેને વધુ સ્પષ્ટ અને ચુસ્ત બનાવવાના હેતુથી આ અંગે પ્રવર્તમાન તમામ હુકમો રદ કરી, નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**
૧. જુગાર અને વરલી મટકા જેવી બદીઓ સદંતર બંધ થાય તે માટે જે તે વિસ્તારની સ્થાનિક પોલીસે સતત કાર્યવાહી કરવાની રહેશે. આ સંદર્ભે જાણીતી જગ્યાઓની નિયમિત મુલાકાત લઈને "જુગાર, વરલી, મટકા જેવી કે અન્ય કોઈ પણ ગેરકાયદેસરની પ્રવૃત્તિ ચાલતી નથી" તેની પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ દ્વારા સ્થળ ચકાસણી કરીને સ્ટેશન ડાયરીમાં દરેક માસના પ્રથમ અઠવાડીયામાં જ ફરજીયાત નોંધ કરવાની રહેશે. સુપરવાઈઝરી અધિકારીઓએ આવી નોંધ કર્યાની સમયાંતરે ખાત્રી કરવાની રહેશે. ખાસ કરીને ક્ષેત્રીય નાયબ પોલીસ અધિક્ષક / મદદનીશ પોલીસ કમિશનર આ પ્રમાણેની નોંધ નિયમિત સ્ટેશન ડાયરીમાં કરવામાં

આવે છે કે નહિ તેની ખાત્રી કરશે તેમજ આ નોંધની હકીકતની ખરાઈ કરી, પોતાની ડાયરીમાં પોતે, જે તે જુગારનો અડ્ડો સક્રીય છે કે નહી તે અંગેની જાતે સ્થળ પર જઈ ખરાઈ કરી છે તેવી નોંધ કરશે.

૨. જુગારના અડ્ડાનો અર્થ મુંબઈ જુગાર પ્રતિબંધ ધારા, ૧૮૮૭ની કલમ-૩ માં આપેલ વ્યાખ્યા પ્રમાણેનો રહેશે.

૩. જુગારની જાણીતી જગ્યા એટલે એવી જગ્યા / બીલ્ડીંગ કે જ્યાં એક કરતાં વધુ વખત જુગારની પ્રવૃતિ અટકાવવા છેલ્લા પાંચ (૫) વર્ષોમાં સફળ દરોડા પાડવામાં આવ્યા હોય અને એ રીતે આ જગ્યાએ એકથી વધુ જુગારના કેસો શોધવામાં આવ્યા હોય.

૪. જુગારની જાણીતી જગ્યા માટે દરેક જિલ્લા એકમોની એલસીબીમાં અને શહેરની ડીસીબીમાં ખાનગી રજીસ્ટર નિભાવવામાં આવશે. આ રજીસ્ટરની અનુક્રમે જિલ્લાના પોલીસ અધિક્ષક તેમજ પોલીસ કમિશનર સીધી દેખરેખ રાખશે. આ રજીસ્ટર નીચેના કોલમ પ્રમાણે નીભાવવું.

૧. અ.નં.,

૨. જુગારની જાણીતી જગ્યાનું સરનામું,

૩. કયા પોલીસ સ્ટેશનની હદ લાગે છે,

૪. આ જાણીતી જગ્યાએ જુગારનો અડ્ડો ચલાવનાર ઈસમનું નામ-સરનામું,

૫. નોંધાયેલ ગુન્હાઓની વિગત જેમાં ગુન્હા રજીસ્ટર નંબર, કલમ, આરોપીઓના નામ-સરનામા, પકડયા તારીખ, ચાર્જશીટ કર્યા તારીખ, કેસના નિકાલની વિગતનો સમાવેશ કરવો.

જુગારની પ્રવૃતિની જાણીતી જગ્યા નકકી કરવા પ્રસ્તુત ઠરાવ પ્રસિધ્ધ થયાની તારીખથી ભૂતકાળના પાંચ વર્ષ દરમ્યાન આ જગ્યાએ શોધાયેલ / નોંધાયેલ મુંબઈ જુગાર પ્રતિબંધ ધારા હેઠળના એકથી વધુ ગુન્હાઓ ધ્યાને લેવાના રહેશે. આ રજીસ્ટરમાં આ પ્રમાણેની જાણીતી જગ્યાના છેલ્લા શોધાયેલ / નોંધાયેલ ગુન્હાની તારીખ બાદ જો પાંચ વર્ષ સુધી જુગારની પ્રવૃતિ બંધ હોય તો સંબંધિત જિલ્લા પોલીસ અધિકારી કે પોલીસ કમિશ્નર આ નોંધ કરી જાત ખરાઈ કર્યા બાદ જ રદ કરશે.

૫. દરેક પોલીસ સ્ટેશનના હવાલાવાળા અમલદાર ગુજરાત પોલીસ નિયમ સંગ્રહ ભાગ-૩ના નિયમ ૬૭ મુજબની વિલેજ ક્રાઈમ નોટબુક ભાગ-૪માં જુગારની જાણીતી જગ્યાઓની ઉપરોકત રજીસ્ટરના કોલમ પ્રમાણે નોંધ રાખશે. દરેક ક્ષેત્રિય પ્રવર અધિકારીઓ આ નોંધ તેઓની વખતોવખતની પોલીસ સ્ટેશનની વિઝીટ / ઈન્સ્પેકશન દરમ્યાન વંચાણે લઈ, જાણીતી જુગારની પ્રવૃતિવાળી જગ્યાએ જુગારનો અડ્ડો સક્રિય છે કે નહિ તેની જાત ખરાઈ બાદ નોંધ કરશે.

૬. મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૬૪ની પેટા કલમ (ખ)માં દરેક પોલીસ અમલદાર ઉપર ફરજ લાદવામાં આવેલ છે કે દરેક પોલીસ અમલદારે તેમની સર્વોત્તમ શકિત / આવડત આધારે કોગ્નીઝેબલ ગુન્હાઓ બન્યાની અથવા તેના કાવત્રાની માહિતી મેળવશે અને યથાયોગ્ય કાયદાની જોગવાઈઓને સુસંગત રીતે આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરશે. આ ઉપરાંત કોગ્નીઝેબલ તેમજ નોન કોગ્નીઝેબલ ગુન્હાઓ જો તેની નજર સમક્ષ બનતા હોય તો આ ગુન્હાઓ બનતા અટકાવવાની પણ ફરજ છે.

૭. આ રીતે રાજયમાં જુગારધારાના કડક અમલ માટે પોલીસ ખાતાએ કાર્યવાહી કરવાની રહે છે. જુગાર ધારાનો કડક અમલ સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા યોગ્ય રીતે કરાવવામાં આવે તેની ચકાસણી સ્થાનિક પોલીસ સિવાયની બહારની એજન્સીઓ જેવી કે, સીઆઈડી (ક્રાઈમ), પોલીસ ખાતામાં જિલ્લાની એલસીબી, એન્ટી ડેકોયેટી સ્કવોર્ડ, ઈકોનોમીક ઓફેન્સીસ સેલ, ઓર્ગેનાઈઝ ક્રાઈમ સેલ, એન્ટી ગુંડા સ્કવોડ, પોલીસ મહાનિદેશકશ્રીની કચેરીનો વીજીલન્સ સ્કવોડ, રેન્જ રીકવરી સેલ કે શહેરમાં સીટી ક્રાઈમ બ્રાન્ચ, પી.સી.બી દ્વારા કે ભવિષ્યમાં ઉભી થનાર આવી કોઈપણ એજન્સી દ્વારા પણ હાથ ધરવામાં આવશે. બહારની એજન્સીઓએ સફળ રેઈડની જગ્યાની વીડીયોગ્રાફી / ફોટોગ્રાફી કરવી અને પંચનામાઓમાં તેનો ઉલ્લેખ કરવો. આ ઉપરાંત અધિકારીએ સ્થળ ઉપરથી પકડાયેલ આરોપીઓ ઉપરાંત આ જગ્યાની આજુબાજુના લોકોના નિવેદનો લેવા, જેમાં રેઈડવાળી જગ્યાએ જુગારની પ્રવૃતિ કેટલા સમયથી પ્રવર્તમાન હતી તેની માહિતીનો નિવેદનમાં સમાવેશ કરવો.

૮. સ્થાનિક પોલીસ સિવાયની ઉપર જણાવેલ બહારની અન્ય એજન્સીઓ દ્વારા પાડવામાં આવેલ રેઈડ દરમ્યાન જુગાર-વરલી મટકાના ગુન્હામાં પકડાયેલ રોકડ રકમ કે રમવા માટે વપરાતી અવેજ વસ્તુ કે બંનેની કિંમત રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ હોય તે કેસને ગણનાપાત્ર કેસ ગણવાનો રહેશે. આ બાબત જુગાર પ્રતિબંધ ધારા કલમ-૪, ૫ તેમજ ૧૨, ૧૨-એ મુજબ ખુલ્લી જગ્યાએ ચાલતા જુગારને પણ લાગુ પડશે. વીડીયોગેઈમ, ચકરડી / કેસીનો, ક્રિકેટ માટેના સટ્ટા દાવ વગેરે જેવી જુગાર માટેની અવનવી તરકીબોને પણ જુગાર તરીકે ગણવાની રહેશે. આવી રેઈડ કરનાર એજન્સીના વડાએ કેસની વિગતો સાથે દિન-૭ માં પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજયને લેખિતમાં અચૂકપણે જાણ કરવાની રહેશે અને તેની નકલ ગૃહ વિભાગને મોકલી આપવાની રહેશે.

૯. રાજયના કોઈ પણ પોલીસ સ્ટેશનના સ્થાનિક કાર્યક્ષેત્ર હેઠળ આવતા વિસ્તારમાં પોલીસની અન્ય બાહય એજન્સી દ્વારા રેઈડ કરવામાં આવે અને તે રેઈડ દરમ્યાન આવી બાહય એજન્સી દ્વારા જુગાર અને વરલી મટકા અંગેના ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવે તેવા સંજોગોમાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને તેમના નિરીક્ષક અધિકારીઓ

(SUPERVISORY OFFICER) તેમની ફરજ પ્રત્યે ઉદાસીન, નિષ્ક્રિય અને બીનકાર્યક્ષમ રહેલ છે તેમ ગણવામાં આવશે અને સ્થાનિક પોલીસ અધિકારીઓ અને તેમના નિરીક્ષક અધિકારીઓ (SUPERVISORY OFFICER) ના ખાનગી અહેવાલમાં પ્રતિકુળ નોંધ કરવાનું / શિસ્તવિષયક કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

૧૦. ફકરા – ૮માં જણાવ્યા અનુસાર અહેવાલ મળ્યેથી પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી સ્થાનિક પોલીસ સ્ટેશન અધિકારીનો દિવસ – ૭માં ખુલાસો મેળવી, ગુણદોષના આધારે ખાનગી અહેવાલમાં પ્રતિકુળ નોંધ કરી શકશે. ઉપરાંત તેમના અભિપ્રાયમાં જો ફરજ પ્રત્યેની ઉદાસીનતા, નિષ્કાળજી, બિનકાર્યક્ષમતા વગેરે કારણોસર વર્તણુકના નિયમોનો ભંગ જણાઈ આવતો હોય તો, તે બદલ શિસ્ત વિષયકની કાર્યવાહી પણ હાથ ધરવાની રહેશે. આવી શિસ્તભંગ બદલની કાર્યવાહી માટે પોલીસ અધિક્ષકશ્રીથી ઉતરતા નહી તેવા દરજ્જાના, પોલીસ મહાનિદેશકશ્રીની કચેરીના અધિકારીએ ખાતાકીય તપાસ હાથ ધરવાની રહેશે.

૧૧. પોલીસ મહાનિદેશકશ્રી, ગુજરાત રાજયએકેસની વિગતોનો અહેવાલ મળ્યેથી દિવસ – ૧૫માં, જે તે પોલીસ સ્ટેશન વિસ્તારના નિરીક્ષક અધિકારીઓ (SUPERVISORY OFFICER) એટલે ગ્રામ્ય વિસ્તાર માટે જે તે સ્થળનો હવાલો ધરાવતા નાયબ પોલીસ અધિકારી / વિભાગીય પોલીસ અધિકારી / પોલીસ અધિક્ષક / રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક / રેન્જ પોલીસ મહાનિરીક્ષક તથા પોલીસ કમિશનર વિસ્તારમાં મદદનીશ પોલીસ કમિશ્નર / નાયબ પોલીસ કમિશ્નર / સંયુકત પોલીસ કમિશ્નર / અધિક પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની વિગતો સાથે આવા SUPERVISORY OFFICER, તેઓની ફરજ પ્રત્યે ઉદાસીન, નિષ્ક્રિય કે બિનકાર્યક્ષમ રહેલ તેની વિગતો સહિત નામજોગ તેમજ વિગતવાર દરખાસ્ત ગૃહ વિભાગને અચુકપણે કરવાની રહેશે કે જેથી રાજય સરકાર ફકરા–૯ માં ઠરાવેલ કાર્યવાહી હાથ ધરી શકે.

૧૨. આ ઠરાવની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવા આથી સંબંધિત સર્વેને સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વાય. એન. બારોટ )
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજયકક્ષા મંત્રીશ્રી (ગૃહ,નશાબંધી)ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (વા.વ્ય.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ગૃહ)(ન)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ગૃહ)(ર)ના અંગત મદદનીશ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર
- સર્વે પોલીસ કમિશનરશ્રીઓ
- સર્વે રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ
- સર્વે નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ (વે.રેલવે, વડોદરા સહિત)
- શાખા સિલેકટ ફાઈલ